# પ્રકરણ : ૨

# વેક્સિનેશન અંગે મોરારજીભાઈની વિચારધારા

### -કેરસી દેબુ

હાલમાં કોરોના વાયરસે (કોવિદ – ૧૯) વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે. આ વાયરસની રસી શોધવા વિશ્વના વૈજ્ઞાનિકો લાગી ગયા છે. વરસો પહેલા કેટલીક મહામારી સમયે જુદા જુદા રોગોની રસીની શોધ થતી રહી છે. શીતળા માટેની રસી વરસો પહેલાં શોધાઈ અને તેને વિશ્વને શીતળા મુકત કર્યું. પોલીઓના ટીપાં શોધાયા અને માનવજીવનમા એક મહત્વનું પ્રદાન થયું અને પોલીઓ મુકત વિશ્વ બન્યું. હડકવાથી રાહત મળી. ઝેરી નાગના ઝેરમાંથી બનતી દવા કેન્સર જેવા રોગોમાં ઉપયોગી થઈ. આમ અનેક રોગોની દવા રસી માનવ વિશ્વ માટે આશીર્વાદ પુરવાર થઈ.

મોરારજી દેસાઈ વેક્સિનેશનના (રસી-ટીકાના) વિરોધી હતા. તેઓ પોતાના શરીરમા આવી કોઈપણ રસી કે એલોપેથીની દવા દાખલ ન થાય તેની કાળજી રાખતા માત્ર કુદરતી ઉપચારમા માનતા હોવાથી જયારે જયારે આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે તેઓ સ્પષ્ટ શબ્દોમાં ઈન્કાર કરતા.

૧૯૫૮ માર્ચમા મોરારજીભાઈ નાણાં મંત્રી બન્યા ત્યારે પરદેશ જવાના પ્રસંગો ઉભા થયા. બ્રિટનના વડાપ્રધાન હેરોલ્ડ મેકમિલન ભારત આવ્યા હતા અને મોરારજી સાથેની મુલાકાતમા મોરારજીને બ્રિટન આવવાનું આમંત્રણ આપ્યું. બ્રિટનમા પ્રવેશ કરતા પહેલાં રોગપ્રતિકારક રસી – વેકસીન કરાવવું ફરજીયાત હતું એટલે મોરારજીભાઈએ વાતવાતમાં મેકમિલન સાહેબને પોતે વેક્સિનેશન કરાવતા નથી અને તેમાંથી મુક્તિ મળે તો જ તેઓ બ્રિટન આવશે એવું જણાવ્યું. જવાબમાં મેકમિલને મોરારજીને મુક્તિ આપવાનું અને બ્રિટન પધારવાનું આમંત્રણ આપ્યું અને તે અંગે મુક્તિ આપવાનો પત્ર પણ પાઠવ્યો. આમ, પરદેશ જવા માટે રસીકરણ કરાવવામાંથી યુક્તિ મેળવી.

૧૯૫૮ ના ઓગષ્ટ મહિનામા લંડન પહોંચેલા મોરારજીભાઈને એરપોર્ટ પત્રકારો ઘેરી વળ્યા અને વેક્સિન અંગે પ્રશ્નોનો મારો કર્યો.

તમે શા માટે વેક્સિન નથી કરાવતા? તમે તમારા દેશના રોગ અમારા દેશમાં લાવો છો વિગેરે... ત્યારે મોરારજીભાઈએ જવાબ આપ્યો કે હું કુદરતી ઉપચારમા માનું છું અને મારી દ્રષ્ટિએ તંદુરસ્ત વ્યક્તિ માટે વેક્સિનેશનની કોઈ જરૂર નથી અને નૈતિક દ્રષ્ટિએ પણ તે યોગ્ય નથી એવું મારૂં માનવું છે. (સંદર્ભ : મારૂં જીવનવૃતાંત પ્રકરણ: ૧૪ પાન ૩૫૭/૩૫૮).

ત્યારબાદ અમેરિકા, રશિયા, કેનેડા, ઓસ્ટ્રેલિઆ, ન્યુઝીલેન્ડ, જાપાન અને બીજા જેટલા દેશોની મુસાફરી કરી તે દરેક દેશોએ મોરારજીભાઈને રસીકરણમાંથી મુક્તિ આપવી પડી હતી.

મોરારજીભાઈની આ માન્યતા પાછળ એક સબળ કારણ હતું. રસીની શોધ માટે પ્રાણીઓ ઉપર અખતરા કરવામાં આવે ત્યારે પ્રાણીઓ ઉપર ભારે અત્યાચાર થાય છે અને કેટલાક વેક્સિનો પ્રાણીના શરીરમા ઉત્પન્ન કરી બનાવવામાં આવે છે ત્યારે પ્રાણીઓ ભારે યાતના ભોગવે છે. શીતળાની રસી પણ પ્રાણીઓના ભોગે બનાવાય છે.

નવા નવા વૈજ્ઞાનિક પરીક્ષણો માટે વિવિધ પ્રાણીઓ ઉપર પ્રયોગ કરવામાં આવે છે જે અમાનવીય છે એવી દઢ માન્યતા ધરાવનાર મોરારજીભાઈ જયારે ૧૯૭૮ મા વડાપ્રધાન બન્યા ત્યારે ભારતથી અમેરિકા નિકાસ થતા વાંદરાની **(Rhesus Monkey)** નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો!

સન ૧૯૫૫ મા ભારત અને અમેરિકા વચ્ચે એક કરાર કરવામાં આવ્યો હતો તે મુજબ ભારતમાંથી દર વર્ષે ૩૦ હજાર જેટલા વાંદરાની નિકાસ થતી હતી. જે કરાર માત્ર વૈજ્ઞાનિક પરીક્ષણ અને માનવજીવન સંબંધિત વૈદકીય ઉત્પાદન માટે હતા. જોગાનુજોગ અમેરિકામાં ક્રિસ્ટીઅન એબી, **(Christian Abee)** નામની લેખિકાએ **"Non human Primates in Biomedical Reaearch"** નામનું પુસ્તક બહાર પાડયું. જેમાં આ સંશોધન માટે પ્રાણીઓ ઉપર થતા અત્યાચારનું વર્ણન હતું.

જે અમેરિકાના 'ટાઈમ' મેગેઝીન સહિત વિશ્વભરના છાપાઓમા છપાયું હતું. ભારતમાંથી વાંદરાની નિકાસ થતી હતી. તે અંગે ભારતના છાપાઓએ વાંદરાના ગેરકાયદેસર ઉપયોગ અંગે અહેવાલો છાપતાં ભારતની માનવતાવાદી સંસ્થાઓએ ભારતમાંથી વાંદરાની નિકાસ પર પ્રતિબંધ મુકવા માંગણી કરી.

૧૯૭૮ મા મોરારજીભાઈ વડાપ્રધાન બન્યા હતા અને તેઓ આ બાબતમા સ્પષ્ટ હતા એટલે તેઓએ પ્રતિબંધ મૂકી દીધો.

ભારતના આ વલણને કારણે અમેરીકાનો વેકસીન ઉદ્યોગ તકલીફમા આવી ગયો. ત્યાં પુરવઠો ખોરવાઈ ગયો. વર્લ્ડ હેલ્થ ઓરગેનાઈઝેશન **W.H.O.** ને મળતા પુરવઠા પર અસર પહોંચી. પરિણામે મોરારજીભાઈને ફેરવિચારણા કરવા માટે **W.H.O.** ના ડાયરેકટર જનરલ તાત્કાલિક ભારત આવી પહોંચ્યા.

મોરારજીભાઈએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વાંદરાની નિકાસના કરારમા સ્પષ્ટપણે માત્ર માનવજીવન આધારિત પ્રયોગો માટે નિકાસ કરવાનું જણાવ્યું છે. જયારે અમેરિકામાં તેનું ઉલ્લંઘન થયું છે અને વાંદરા ઉપર ખતરનાક શસ્ત્રો અને સંરક્ષણના સાધનો માટેના પ્રયોગો પણ કરવામાં આવ્યા છે. જેના પરિણામે પ્રાણીઓ ઉપર ભારે યાતના આપવામાં આવી છે. ન્યુટ્રોન રેડીએશન માટેના પ્રયોગોમાં પણ આ વાંદરાનો ઉપયોગ થયો છે. પરિણામે કરારનો ભંગ થયો હોવાથી તાત્કાલિક અસરથી પ્રતિબંધ મુકયો છે. જે અંગે કોઈ પુનઃવિચારણા કરવામાં આવનાર નથી **W.H.O.** ના અધિકારી મોરારજીભાઈને મનાવી શક્યા નહી અને મોરારજીભાઈએ ભારતના વાંદરાઓને યાતનામાંથી બચાવી લીધા. ભારતનું અનુકરણ પેરૂ, કોલંબીયા, ફીલીપાઈન્સ, ઈન્ડોનેશિયા વગેરેએ પણ કર્યું અને તે દેશોએ પણ વાંદરા નિકાસ પર પ્રતિબંધ મુકયો.